
ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ગામડાંના અંધેરા ઉલેચવાનો વીજળીક ઈલાજ સૌર ઉર્જા

સેન્સસ રિપોર્ટ ૨૦૧૧ અનુસાર ગાંધીનગરના ગ્રામીણ ક્ષેત્રમાં ૯૦ ટકા પરિવારોને વીજળીની સુવિધા ઉપલબ્ધ છે. જ્યારે ૮ ટકા ઘર-પરિવાર એવા છે કે જેમને રાતે ઘરમાં પ્રકાશ રેલાવવા માટે કેરોશીનનો જ સહારો છે. બાકીના ૨ ટકા પરિવારોને રાતના સમયે લાઈટ માટે સૌર ઉર્જાના ફાનસ, અન્ય કોઈ તેલ કે મીણબત્તીનો આશરો લેવો પડે છે. સંપૂર્ણ વીજળીકરણનું સપનું હજુ પુરૂ થવામાં સમય જશે એમ કહી શકાય.

ગાંધીનગરની ગ્રામીણ વસ્તીમાં કુલ એક લાખ સાંઈઠ હજાર કરતા વધુ પરિવારો છે એ પૈકી સોળ હજાર બસો પરિવારો પાસે વીજળીની સુવિધા નથી, જ્યારે ૮૧ પરિવારો એવા છે કે એમની પાસે વૈકલ્પિક ઉર્જાના સ્રોત તરીકે સૌર ઉર્જાની સવલત ઉપલબ્ધ છે.




**ગાંધીનગરના ગામડાંઓના ૮ ટકા ઘરોમાં રાતે હજુય કેરોશીનના દિવા !**

આમ જોઈએ તો જો વીજળીની બચત કરવાની સાથે પર્યાવરણ સુરક્ષાનો વિચાર કરવામાં આવે તો પણ સૌર ઉર્જાનો વપરાશ વધારવો ઈચ્છનીય છે.

ગુજરાતમાં ગ્રામીણ ક્ષેત્રમાં સૌર ઉર્જાનો વપરાશ વધુ છે અલબત્ત આ વપરાશ અથવા તો ઉપયોગ પણ ખુબ સારા પ્રમાણમાં થાય છે એમ નથી. પરંતુ શહેરી ગુજરાતની સરખામણીએ ગ્રામીણ ગુજરાતમાં સૌર ઉર્જા વધુ ઉપયોગમાં લેવામાં આવે છે. બાકી જો આંકડા જોવામાં આવે તો ગુજરાતમાં કુલ પરિવારોમાંથી માત્ર ૦.૧૩ ટકા પરિવારો જ સૌર ઉર્જાનો વપરાશ ઘરમાં લાઈટ મેળવવા માટે કરે છે, એટલે કે દર હજાર ઘર પરિવારે માત્ર ૧.૩ ટકા પરિવારમાં જ સૌર ઉર્જાનો ઉપયોગ થાય છે. પશ્ચિમ ભારતના દરિયાકાંઠે કોટેશ્વર કચ્છ ખાતે જ્યાં રોજ સૂર્યાસ્ત થાય છે એવુ આપણે ગૌરવગાન કરીએ છીએ પરંતુ એ જ સૂરજની ઉર્જાનો વિનિયોગ કરીને આપણે વીજળીની સમસ્યા દૂર કરવા તરફ લક્ષ્ય નથી આપ્યું એ હકીકત છે.

ગુજરાતના ગ્રામીણ જીવનના ચિંતક અને એક સમયના ગુજરાતના મુખ્યમંત્રી રહેલા અગ્રણીએ સત્તામાં આવીને 'મારે ગામડાનાં અંધારા ઉલેચવા છે' એવું સપનું જોયું હતું. અલબત્ત અહીં એ રાજકારણીની ટીકા નથી પરંતુ ગામડાનો સાચો પ્રશ્ન સમજીને એમણે ગ્રામીણ ક્ષેત્રે વીજળીકરણ કરવાનો મનસુબો વ્યક્ત કર્યો હતો પરંતુ હજુ સુધી એ શક્ય બન્યુ નથી ત્યારે સૌર ઉર્જાનો વપરાશ વધુ થાય તેના પ્રયાસો કરવા જોઈએ. જો આપણે ગામડાની સાથે જ જોડાયેલો એક પ્રશ્ન વિચારીએ તો સમજાય એવું છે. જેમ કે ગ્રામીણ વિસ્તારમાં ખેતી પર નભતા વ્યવસાયીઓ માટેનો સૌથી મોટો પ્રશ્ન છે, ખેતીને વીજળી માટેનો. હવે આ સવાલ સામે તપાસીએ કે વીજળી કેમ જોઈએ ? તો જવાબ હોય ઉભો પાક સૂકાય નહીં એ માટે પાણી પુરૂ પાડવા માટે વીજળી જોઈએ. તો ખેડૂતને પાકને પાણી આપવા માટે વીજળી નહીં પાણી જોઈએ એવો પ્રત્યુત્તર મળે. ખરેખર આમ જોઈએ તો પાકને વીજળી ય નહીં પાણી પણ નહીં ભેજ જોઈએ. પાણી ધોરીયા વડે અપાય કે ટપક પદ્ધતિથી કે ફૂવારા પદ્ધતિએ આપીને મૂળ તો જમીનમાં ભેજ ટકાવવાનું અગત્યનુ છે. આવી નાની પણ અતિ મહત્વની વાત ખેતી અને ખેડૂતની છે તેમ જો સૌર ઉર્જાનો ઉપયોગ કરીએ તો ઘણુ સારૂ કામ ગ્રામીણ અને શહેરી ગુજરાતમાં કરી શકાય.



ઉનાળાના પ્રારંભે શાકભાજીની આવક ભલે ઓછી થઈ હોય પરંતુ વિવિધ ફળોના આગમનથી બજારો શોભી રહ્યા છે. શરીરને ઠંડક આપતા ફળો જેવા કે તડબુચ, સકરટેટી, સંતરા, દ્રાક્ષ, સફરજન, ચીકુ અને દાડમથી દુકાનો લચી પડી છે. ઉનાળાના આગમનની સાથે જ કેરીઓ પણ બજારમાં દેખાઈ રહી છે. જો કે તેનું પ્રમાણ ઓછું છે. જેમ જેમ ગરમી વધશે તેમ તેમ વિવિધ પ્રકારની કેરીઓથી બજારો ઉભરાશે.

# નગરના નવા સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટતા કકળાટ

**સેકટરોમાં આકરી ગરમીમાં પાણીની પોકાર ટાંકી પણ ભરાતી નથી : ગૃહીણીઓમાં રોષ**

ગાંધીનગર તા ૭

શહેરમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે સપ્લાય વધારી દેવામાં આવે છે.પરંતુ નગરમાં થતા પાણીના બગાડને પણ અટકાવવાનુ અનિવાર્ય છે. શહેરમાં ગરમીની મોસમ નિખરતા નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. શહેરના સે-૨, ૩ અને સે-૪ ના કેટલાક વિસ્તારમાં પાણીનો ફોર્સ સાવ ઘટી ગયો હોવાની બુમ પણ ઉઠવા પામી છે. પાણીનો ફોર્સ ઘટતા ટાંકી પણ ભરાતી ન હોવાનો રોષ ગૃહીણીઓ ઠાલવી રહી છે.

આકરી ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધ્યો છે. શહેરમાં પાણીના વપરાશની સાથે પાણીનો બગાડ પણ વિશેષ થાય છે. આવા સંજોગોમાં ગરમીના દિવસોમાં વધતી પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે પણ તંત્ર દ્વારા પ્રતિદિન અપાતા સપ્લાયને વધારી દેવામાં આવ્યો છે. પરંતુ સેકટરોમાં ગરમીની શરૂઆત સાથે પાણી પુરતા ફોર્સથી ન આવતુ હોવાની બુમ ઉઠવા પામી છે. શહેરના નવા સેકટરોમાં છેલ્લા એક સપ્તાહથી ફોર્સથી પાણી ન આવતુ હોવાનો રોષ ગૃહીણીઓ ઠાલવી રહી છે. સવારથી જ આકરા તાપ સાથે સેકટરોની શેરીઓમાં પાણીની પોકાર પણ પ્રબળ બની છે. શહેરના સે-૨,૩ અને સે-૪ માં પાણી ફોર્સથી ન આવતા

● અનુસંધાન પાન-૭ પર

# આજે ચૂંટણી જંગનું ચિત્ર સ્પષ્ટ થશે

**ખર્ચ-રજીસ્ટર નિભાવવા માટે ઉમેદવારોને ખાસ તાલીમ અપાશે : બપોરે ૩ વાગ્યા સુધી ઉમેદવારીપત્ર પાછા ખેંચી શકાશે : આ પછી રાજકીય ધમધમાટ વધી જશે તો તંત્ર મિટીંગોમાં વ્યસ્ત થશે**

ગાંધીનગર, તા. ૭

ઉમેદવારી પત્ર પાછા ખેંચવા માટે સોમવારના બપોરના ૩ વાગ્યા સુધીની સમય મર્યાદા નિયત થયેલ હોવાથી તે પછી જંગ માટેનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

હાલ ગાંધીનગર બેઠક માટે ૨૭ ઉમેદવારો મેદાનમાં છે. ગઈકાલે સાત ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્રો પાછા ખેંચ્યા હતા.

આજે ઉમેદવારીપત્રો પાછા ખેંચાઈ ગયા બાદ તુરત જ અપક્ષ ઉમેદવારો તેમજ નોંધાયેલ રાજકીય પક્ષોના ઉમેદવારોને પ્રતીક ફાળવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આ ચૂંટણી જંગ માટેનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયા બાદ તંત્ર દ્વારા ઉમેદવારોને ખર્ચ રજીસ્ટર નિભાવવા માટેની તાલિમ પણ આપવાનું આયોજન કરાયુ છે અને પહેલો હિસાબ ક્યારે રજુ કરવાનો રહેશે તેની તારીખ પણ આપી દેવાશે.

ચિત્ર સ્પષ્ટ થતાં જ આદર્શ આચારસંહિતાના અમલને લઈ પંચ દ્વારા નિમાયેલા સામાન્ય નિરીક્ષકો પણ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી જરૂરી માર્ગદર્શન આપશે એટલુ જ નહિ આચારસંહિતાના અમલ માટે

● અનુસંધાન પાન-૭ પર

# આગામી અઠવાડિયે પુનઃ આકરી ગરમી પડશે

ગાંધીનગર, તા. ૭

આ વખતે આકરી ગરમી પડ્યા પછી હવામાનમાં વચ્ચે પલટો આવતાં ગરમી થોડીક ઘટવામાં હતી પરંતુ પુનઃ તા. ૮, ૯, ૧૦, ૧૧માં રાજ્યના ભાગોમાં ગરમી પડે.

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે કચ્છના ભાગો, ઉત્તર ગુજરાતના કેટલાક ભાગો, અમદાવાદ સહિત મધ્ય ગુજરાતના ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાન ૪૨ ડિ.સે.ને પાર કરી જાય. કેટલાક ભાગોમાં ૪૩ ડિ.સે.ને પણ પાર કરી જાય. ગરમી પડ્યા અંગેનું કારણ જોતાં કેટલાક જાણ્યા અજાણ્યા બળોને કારણે ગરમી વધી રહી છે. ઘણી વખત વરસાદ ઓછો થવાથી જમીન તપે તો પણ ગરમી વધવાનું કારણ હોઈ શકે પરંતુ ઘણી વખત ભારે વરસાદવાળા વરસો પણ બીજુ ચોમાસુ આવતા પૂર્વે એપ્રિલ-મે મા સખ્ત ગરમી પડેલ છે.

હાલમાં વનસ્પતિના લક્ષણો જોતાં વનસ્પતિના પાંદડા ખરી પડવામાં છે. પાંડદાની નવી કુંપળો અને ફુલ ફાલ આવે તો ચોમાસુ સારૂ આવવાની શક્યતા રહે. આવી સ્થિતિમાં સમુદ્રમાં ગરમીને લીધે વરાળ વધુ થઈ શકે. અલનીનોની ધાસ્તી સેવાઈ રહી છે ત્યારે આવનાર ચોમાસા અંગે જોઈએ તો ઘણી વખત અલનીનોની અસર હોવા છતાં સારા ચોમાસા આવેલ છે. આ વખતે ગરમીની અસરના લીધે સમુદ્ર ગરમ થતાં બાષ્પીભવન વધુ થતાં ગુજરાતમાં ઘણા ભાગોમાં સારા વરસાદની શક્યતા રહેલ છે. જોકે હળવા દબાણ અને ચક્રવાતી વાવાઝોડા ઓમાન તરફ ફંટાઈ જાય તો ગુજરાતમાં ચોમાસાની રાહ જોવી પડે. પરંતુ આ વખતે ક્યારેક દક્ષિણ ભારતમાં ચક્રવાતની અસરના કારણે ચોમાસુ કેરળ કાંઠે મોડુ પહોંચે તો વરસાદમાં વિલંબ થઈ શકે. વરસાદ અંગે જોતાં હાલમાં પડી રહેલ ગરમી અને હોળીનો પવન જોતાં અખાત્રીજનો પવન પણ સાનુકૂળ રહેવાની ગણતરી મુકી શકાય. ચૈત્ર માસમાં દનયા પણ તપી શકે એટલે ગરમીના કારણે

● અનુસંધાન પાન-૭ પર

# અંગ દઝાડતી ગરમીથી નગરમાં સન્નાટો

**પારો ૪૧ ડિગ્રીએ : રજાના દિવસે ગરમીથી બચવા નગરજનો દિવસ દરમિયાન એ સી માં પુરાયેલા રહ્યા : આકરી ગરમીથી બપોરે સેકટરોની શેરીઓમાં પણ સન્નાટો છવાયેલો રહ્યો**

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં ચુંટણી પ્રચારની શરૂઆત સાથે રાજકીય ગરમાવાનો માહોલ જોવા મળી રહ્યો છે. જયારે ગરમીની મોસમ પણ વિશેષ નિખરતા નગરનુ વાતાવરણ અત્યંત હોટ બન્યુ છે. ગરમીનો પારો રોજબરોજ ઉંચે ચઢતા નગરજનો અંગ દઝાડતી ગરમી વેઠી રહ્યા છે. આજે રજાના દિવસે ગરમી પણ વધુ હોવાથી શહેરીજનો હીટવેવથી બચવા માટે ઘરમાં પુરાયેલા રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



# રાજ્યમાં લોકસભાની ચૂંટણીમાં ૩.૫૦ લાખ કર્મચારીઓ ફરજ બજાવશે

ગાંધીનગર,તા.૭

ગુજરાતની ૨૬ લોકસભાની ચૂંટણી આગામી તા. ૨૩મી એપ્રિલે યોજાનારી ચૂંટણીની કામગીરી માટે ૩.૫૦ લાખ કર્મચારીઓ નિશ્ચિત થતા જ પ્રથમ તબક્કાની તાલિમ ગુરૂવારે પૂર્ણ થતા હવે તા.૧૪મી એપ્રિલ સુધીમાં બીજા તબક્કાની તાલિમ પૂરી થશે તથા ત્રીજી અને આખરી તાલીમ મતદાનના આગલા દિવસે અપાશે.

રાજ્યમાં ૨૬ લોકસભા બેઠકની ચૂંટણીમાં કુલ ૩.૫૦ લાખ કર્મચારીઓની સેવાનો ઉપયોગ થશે અને તેમને વિવિધ તબક્કે તાલીમ આપવામાં આવશે. ચૂંટણી તંત્ર સાથે નોડલ ઑફિસરે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં પ્રોહિબિશન, તડીપાડ અને પાસા હેઠળ કુલ ૩૪.૭૧૮ ઉપરાંત સીઆરપીસીની વિવિધ કલમો હેઠળ કુલ ૧,૯૦,૭૪૭ જેટલા અસામાજિક તત્ત્વોની અટકાયત કરવામાં આવી હતી. તેમ જ ૫૬,૯૨૫ પરવાનેદાર હથિયારો પૈકી ૫૧,૬૭૭ જેટલા હથિયારો જમા લેવામાં આવ્યા હતા. તા.૧લી એપ્રિલ સુધીમાં રૂ.૩.૩૭ કરોડની રોકડ જપ્ત કરી હતી. જે પૈકી આઈટી વિભાગે રૂ.૩.૨૮ કરોડની અને ચૂંટણી તંત્રની ફલાઈગ સ્કવોર્ડ સ્ટેટિક સર્વેલન્સ ટીમે માત્ર રૂ.૯ લાખની રોકડ પકડી હતી. અમદાવાદમાં સૌથી વધુ ૧૬૭.૩૪ લાખની, સુરતમાંથી રૂ.૪૪.૭૦ લાખની તથા વલસાડમાંથી રૂ.૯૩.૩૧ લાખની રોકડ જપ્ત કરવામાં આવી હતી. મુખ્યચૂંટણી અધિકારી ડૉ. મુરલી ક્રિષ્નાએ જણાવ્યું હતું કે, આચારસંહિતા ભંગની કુલ ૬૮ ફરિયાદો પૈકી ૨ કેસોની તપાસ ચાલુ છે. જ્યારે બાકીની તમામ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો હતો. આમ કડક ચૂંટણી આચારસંહિતાનો અમલ કરવા તમામ અધિકારીઓને સૂચન કર્યા હતા.





**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ ®**
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com